ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૭૯/૨૦૨૨, તા.૦૪/૦૭/૨૦૨૨

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૭/૦૬/૨૦૨૨ થી તા.૦૩/૦૭/૨૦૨૨** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૨૪૮/૨૨ IPC ક.૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ ફરિયાદી ભીમાભાઈ વીસાભાઈ ખુંટી રહે.કોલીખડા વાડી વિસ્તાર લીરબાઈ માતાજીના મંદીર પાસે તા.જી. પોરબંદરની વાડીમા આવેલ ગોડાઉનના શટરનુ તાળુ તોળી ગોડાઉનમા પ્રવેશ કરી ગોડાઉનમા રાખેલ કુવારાની પીતળ ધાતુની નોજલ નંગ-૭ કી.રૂા.૭,૦૦૦/- ની કોઇ અજાણ્યો ચોર ઇસમે ચોરી કરી લઇ ગયેલ હોય. સદર ગુન્હની તપાસ પો.સબ.ઈન્સ. શ્રી એસ.એસ.સોલંકી ચલાવતા હોય તેઓ તથા ઉદ્યોગનગર પો.સ્ટે. ના સ્ટાફ દ્વારા સદર ગુન્હાના આરોપી દેવા રત્નાભાઈ ચૌહાણને શોધી તા.૦૧/૦૭/૨૦૨૨ ના ક.૧૬/૩૦ વાગ્યે અટક કરેલ અને ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી :-**

(૧) કમલાબાગ પો.સ્ટે. તા.૨૮/૦૭/૨૦૨૨ ના ક.૧૭/૦૦ થી ક.૧૮/૦૦ સુધી મલાબાગ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ કડીયાપ્લોટ મહોલ્લા વિઝીટ કરી આશરે ૭૫ જેટલી મહીલાઓની મુલાકાત લઈ સી-ટીમ, મહીલા હેલ્પડેક્સ તથા ૧૦૦ નંબર બાબતે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ. તેમજ કોઈ તકલીફ કે મુશ્કલી જણાઈ તો તાત્કાલીક મહીલા હેલ્પ ડેક્સમાં જાણ કરવા સમજ કરેલ.

(૨) કમલાબાગ પો.સ્ટે. તા.૦૩/૦૭/૨૦૨૨ ના રોજ કમલાબાગ પો.સ્ટે. ના પો.ઈન્સ. શ્રી તથા સી-ટીમ ના કર્મચારીઓએ રીવરફ્રન્ટ, ચોપાટી તેમજ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ કરી મહીલા તથા વૃધ્ધોની મુલાકાત લીધેલ અને ૧૦૦ નંબર તથા મહીલા હેલ્પલાઈન અંગે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ અને કોઈ તકલીફ હોય તો જાણ કરવા સમજ કરેલ.

(૩) હાર્બર મરીન પો.સ્ટે. તા.૨૭/૦૬/૨૦૨૨ થી તા.૦૩/૦૭/૨૦૨૨ દરમ્યાન હાર્બર મરીન પો.સ્ટે. ના સી ટીમના કર્મચારીઓ દ્વારા જાવર વિસ્તારમાં કામ પરથી મોડી રાત્રીના મજુરી પરથી ઘરે જતી મહીલાઓને સી-ટીમ તથા ડાયલ ૧૦૦ નંબર વિશે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ અને કોઈ તકલીફ કે મુશ્કેલી હોય તો સી-ટીમ તથા ડાયલ ૧૦૦ નંબર પર જાણ કરવા સમજ કરેલ. તેમજ કુછડી તથા ઓડદર ગામમાં પેટ્રોલીંગ ફરી સીનીયર સિટીઝનની મુલાકાત લીધેલ તેમજ ૩૦ માસ્કનુ વિતરણ કરવામાં આવેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(આર.એન.રાઠવા)
ઇ.ચા.ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર